ज्ञानसार अष्टक ३

# स्थिरता




નવજીવન ગ્રંથમાળા પ્રકાશન

જ્ઞાનસાર પુષ્પ-૩

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# સ્થિરતા

[ જ્ઞાનસાર – તૃતીય અષ્ટક ]

•


શ્લોક – રચયિતા

પરમપૂજ્ય મહામહોપાધ્યાય

શ્રીમદ્ યશોવિજયજી મહારાજ

•

ગુજરાતી વિવેચક

પૂજ્ય મુનિરાજ શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ


•

મૂલ્ય : ૩૦ પૈસા

•


પ્રકાશક

શ્રી નવજીવન ગ્રંથમાળા

ગારીઆધાર ( પાલીતાણા થઈને ), સૌરાષ્ટ્ર.

## પ્રકાશન અંગે

સમયનાં વહેણ માનવીને જુદી જુદી દિશામાં ખેંચે છે. એવું જ 'સ્થિરતા' અષ્ટક માટે થયું. તેના નામની સાર્થકતા પણ ન જાણે ત્યાં યથાર્થ ઠરી. છતાં એના વાંચક-ચાહક વર્ગની ચાહના મોડે સુધી અખંડિત જળવાઈ એ ધીરજ માટે અમો ધન્યતા અનુભવીએ છીએ.

ઉપકારી પૂ. મહામહોપાધ્યાયજી મહારાજ સાહેબે આ 'જ્ઞાનસાર' ગ્રંથની રચનાજ એવી ખૂબીથી કરી છે કે, વાંચક-ચિંતકને ફરી ફરી જૂના વિષયોને નજર સન્મુખ રાખવા જ પડે. એમ 'પૂર્ણતા' મેળવવા 'મગ્નતા' આત્મામાં જોઈએ. આ વાત સમજ્યા પછી મગ્નતા ઉપર કાબૂ મેળવવા 'સ્થિરતા' કેળવવાની પહેલી જરૂર રહે છે. અર્થાત્ વર્તમાનને ધ્યાનમાં રાખીને ભૂતકાળ ભૂલ્યા વગર ભવિષ્યકાળ ઘડવાનું જે કપરું કામ છે, તે પાર પડે તો જ એ અષ્ટકો માળા રૂપે જીવનમાં સાબિત થશે.

ત્રીજું અષ્ટક પ્રગટ કરવા માટે **શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન દેરાસર (પ્રાર્થનાસમાજ) મુંબઈ**ના ટ્રસ્ટીઓ તરફથી સંપૂર્ણ સહકાર મળેલ છે. તેની આભાર સાથે નોંધ લેતાં આનંદ અનુભવીએ છીએ. તેમ જ ભવિષ્યમાં બીજાં અષ્ટકો શીઘ્રાતિશીઘ્ર બહાર પાડવાના અમારા મનોરથ પૂર્ણ થાય એવી મનોકામના સેવીએ છીએ.

અષાડ સુ. ૨–૨૦૨૬ —પ્રકાશક

---

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

**પ્રથમ આવૃત્તિ : સંવત ૨૦૨૬ અષાડ : નકલ ૫૦૦૦**

પ્રકાશક : શ્રી બાબુલાલ નહાલચંદ, નવજીવન ગ્રંથમાળા, ગારીઆધાર (સૌરાષ્ટ્ર)

મુદ્રક : એચ. બી. ધાણેકર, ન્યુ એજ પ્રિ. પ્રેસ, ૧૯૦–બી, ખેતવાડી મેઈન રોડ, મુંબઈ–૪.

# ३ स्थिरता

॥ १ ॥

वत्स ! किं चञ्चलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥

॥ २ ॥

ज्ञानदुग्धं विनश्येत लोभविक्षोभकूर्चकैः ।
अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥

॥ ३ ॥

अस्थिरे हृदये चित्रा वाङ्नेत्राकारगोपना ।
पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥

॥ ४ ॥

अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।
क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥

॥ ५ ॥

स्थिरता वाङ्मनःकायैर्येषामङ्गाङ्गितां गता ।
योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ॥

॥ ६ ॥

स्थैर्यरत्नप्रदीपश्चेद् दीप्रः संकल्पदीपजैः ।
तद्विकल्पैरलं धूमैरलं धूमैस्तथास्रवैः ॥

॥ ७ ॥

उदीरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि ।
समाधेर्धर्ममेघस्य घटां विघटयिष्यसि ॥

॥ ८ ॥

चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते ।
यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥

॥ १ ॥

# वत्स! किं चञ्चलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि।
# निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥

**અર્થ**

**હે વત્સ! ચંચળ ચિત્તવાળો બનીને તું શા માટે અહીં તહીં પરિભ્રમણ કરી રહ્યો છે? જે સમૃદ્ધિ અને શાંતિ માટે તું ઘરોઘર અને ગામેગામ ભટકી રહ્યો છે–દુઃખી થઈ રહ્યો છે, તે સુખશાંતિનો ખજાનો તો તારી પાસે જ છે. સ્થિર-ચિત્તતા જ તને એ ગુપ્ત નિધિને બતાવશે.**

## વિવેચન

મનની સ્થિરતા વિના મગ્નતાનો આનંદ માણવો અશક્ય છે.

અનાદિકાળથી આ આત્મા અસ્થિરતાને કારણે ભવસાગરમાં ભટકી રહ્યો છે. જ્યાં ત્યાં સુખ, શાંતિ અને આનંદને એ શોધી રહ્યો છે. એને પ્રાપ્ત કરવા હિત–અહિત કે સારા–નરસાનો જરા પણ વિચાર કર્યા વિના, ગમે તેવાં નિંદનીય કૃત્યો કરતાં પણ એ શરમાતો નથી. જેના ફળ–સ્વરૂપે એ સુખશાંતિને બદલે તિર્યંચ, નરક, નિગોદાદિની અપાર વેદનાઓ કે દુઃખોને પામે છે.

કરુણાથી આર્દ્ર બનેલા એવા જ્ઞાની પુરુષોએ, દુઃખથી રિબાતા આત્માને ઉદ્દેશી કહ્યું છે કે, 'હે વત્સ! તેં એક શ્વાસોશ્વાસમાં સાડાસત્તર ભવ કરવા જેવા મહાદુઃખદાયી સૂક્ષ્મ નિગોદમાં અનંતો-કાળ વિતાવી ઘણું દુઃખ સહ્યું છે. એ અપાર વેદના સહન કરતાં કરતાં કર્મમેલ કાંઈક કપાતાં, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ-કાય આદિ એકેન્દ્રિયપણામાંથી નીકળી અનુક્રમે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયપણામાં પણ, અસંખ્યકાળ નિરાધાર-પણે ઘણાં દુઃખ સહન કર્યાં છે. એમ રખડતો રઝળતો તું દુર્લભ એવા મનુષ્ય જન્મને મહાકષ્ટે પામ્યો છે. છતાંય તારી ચંચળ વૃત્તિને અહીં આવ્યા પછી પણ તું છોડતો નથી. પરંતુ યાદ રાખજે–જ્યાં સુધી

સિદ્ધશિલા–મોક્ષમાં સ્થિરવાસ કરવાનો તું પુરુષાર્થ નહીં કરે, તેનો વિચાર સરખો પણ તને નહીં થાય, ત્યાં સુધી તું કદી પણ દુઃખમાંથી મુક્ત થઇ શકવાનો નથી, અર્થાત્ તારું સાચું આત્મીય ધન તને પ્રાપ્ત થવાનું જ નથી.'

જીવનું પરિભ્રમણ કરવાનું ક્ષેત્ર ૧૪ રાજલોક જેટલું વિશાળ છે. છતાં એ જો ટૂંકું કરવું હોય, તો સર્વ પ્રથમ પર વસ્તુઓમાં ભટકવાનું હવે બંધ કર, **ને તારામાં જ તું સ્થિર થા.** સ્વમાં સ્થિર થયા પછી બાહ્ય પદાર્થો પ્રત્યે તને ઉપેક્ષાભાવ સહેજે પેદા થશે ને નિજમાં લીન થવાનું ગમશે. એટલે કે બાહ્ય ધનનો મોહ ઓછો થશે ને આત્મીય ધન મેળવવાની જિજ્ઞાસા જાગશે.

આત્મીય ધનની કે સાચા સુખની પ્રાપ્તિ માટે હે જીવ! સાચું તત્ત્વ સમજવા સ્થિર થવું તારે માટે અનિવાર્ય છે. સુખની આકાંક્ષાએ સ્વને ભૂલી, પરમાં એકતાન બની, પરવસ્તુ પાછળ ઘણો કાળ આંધળી દોટ મૂકવાના મિથ્યા પ્રયત્નો કર્યા પછી, ઘણાં પરિભ્રમણ દ્વારા દુઃખના સંતાપ સહી, છેવટે તું શાંતિ ઝંખે એ સ્વાભાવિક છે. પરંતુ આજ સુધી જેને તું બહાર શોધી રહ્યો છે, તે બહાર કયાંય નથી–તે સાચું સુખ તો તારામાં જ છે, અંતરમાં જ છુપાયેલું છે.

અત્યાર સુધીની તારી સર્વે અભિલાષાઓ કેવળ અસ્થિરતાને કારણે જ જ્યારે ઠગારી નીવડી છે–નિષ્ફળ બની ચૂકી છે, ત્યારે (તારી) આ અંતિમ અભિલાષા ચંચળચિત્તતા દૂર થવા દ્વારા સ્થિરતા જ પાર પાડશે એ નિર્વિવાદ છે. કેવળ મનની લલચામણી પરવશતાને કારણે જ તું ચારે ગતિમાં હડકાયા કૂતરાની જેમ ઘણું ઘણું રખડ્યો, રઝળ્યો, છતાં કયાંય ઠરીઠામ બેસી શકયો નહિ. હવે મહાપુણ્યયોગે ફરીથી સંજ્ઞી પંચેન્દ્રિયપણું પામ્યો છે. પરંતુ જો હવે અહીં મનને જ નાથવામાં નહિ આવે, ધર્મમાં જોડવામાં નહિ આવે, આત્મગુણોમાં સ્થિર કરવામાં નહિ આવે, તો એ રખડપટ્ટી ને દુઃખનો કદી અંત આવવાનો જ નથી.

માટે હે જીવ! તું સ્થિરતા કેળવ. એ તને અખૂટ અનંત ખજાનો અપાવશે અને તારી સુખની તૃષ્ણા છિપાવશે.

॥ २ ॥

# ज्ञानदुग्धं विनश्येत लोभविक्षोभकूर्चकैः ।
# अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥

## અર્થ

**નિર્મળજ્ઞાન રૂપી દૂધમાં અસ્થિરતા રૂપી ખટાશનું મિશ્રણ કરી, લોભ તૃષ્ણા અને ચંચળતા રૂપી નિઃસાર કૂચા જ મેળવવા જેવું (સમ્યગ્જ્ઞાન નાશ પામે તેવું) તું શા માટે કરે છે? હે ચેતન! તારા શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં સ્થિર થા.**

## વિવેચન

જ્ઞાન એ આત્માનો ગુણ છે. નિર્મળજ્ઞાન રૂપી મહાસાગરમાં આત્મા જો ડૂબકી મારે, તો સ્વકલ્યાણનો માર્ગ જરૂર નિશ્ચિત કરી શકે. અર્થાત્ જ્ઞાન એ આત્માને સ્વ સ્વભાવમાં સ્થિર કરનાર એક માત્ર સાધન છે.

જે અનંતા કર્મનો ક્ષય જ્ઞાની પુરુષો શ્વાસોશ્વાસમાં કરે છે, તે જ કર્મ ખપાવવા માટે અસ્થિર અને અજ્ઞાની પુરુષને અનંતકાળ પણ ઓછો પડે છે. માટે જ જીવનમાં સ્થિરતાની અત્યંત આવશ્યકતા છે.

જ્ઞાનની સાધના માટે જેમ શાંત વાતાવરણ, સ્થિરતા અને એકાગ્ર મન આવશ્યક છે, તેમ તેમાં અવરોધ કરનારા (પરપુદ્ગલોના આકર્ષણ રૂપી) સાધનોનો અભાવ પણ હોવો જોઈએ. અથવા મન તેનાથી પર બનેલું હોવું જોઈએ. તો જ જ્ઞાન પ્રાપ્તિ સહજ બની શકે.

નિર્મળજ્ઞાન પ્રાપ્ત કરતી વખતે આત્માને જો અસ્થિરતા સ્પર્શી જાય, તો લોભ, તૃષ્ણા વધુ ને વધુ ચલ-વિચલ કરે. પરિણામે મન આત્મચિંતન કરવાને બદલે સંસારની વિવિધરંગી વિચિત્રતાઓ તરફ ખેંચાઈ જાય છે. આમ અસ્થિર મનવાળો, પરપુદ્ગલોમાં રખડતો જીવ ક્યાંય શાંતિ અનુભવી શકતો નથી. એ ક્યાં ભૂલો પડ્યો છે, એની જ એને સમજ હોતી નથી.

પૌદ્ગલિક વસ્તુઓ તરફનું આકર્ષણ જ્યારે આત્મામાં વધતું જાય છે, ત્યારે એ પોતાને શું પ્રાપ્ત કરવાનું છે, એ જ ભૂલી જાય છે. આજ સુધી જે દિશામાં નિર્મળ જ્ઞાનનો પ્રવાહ વહેતો હતો, તે પ્રવાહની ગતિ અસ્થિરતાને કારણે રૂંધાઇ જાય છે અને દિશા પણ પલટાઈ જાય છે. વિશાળ સાગર તરફ વહેવાને બદલે ખાબોચિયા તરફ વળે છે. આમ નિર્મળ જ્ઞાન રૂપી પ્રવાહની ગતિ રૂંધાવાથી પ્રગતિ તો અટકે છે, પરંતુ તેની સાથે નિર્મળ જ્ઞાન (જળ) બંધિયાર પણ બને છે. આમ જ્ઞાન બંધિયાર થતાં લોભ–તૃષ્ણા રૂપી કાદવથી એ દૂષિત બને છે. તેમજ ચોમેર મનોવિકાર રૂપ લીલફૂલ થવાને કારણે પૂર્વે ઉપાર્જન કરેલ નિર્મળજ્ઞાન રૂપી જળ ડહોળાઇ જાય છે–અવરાઈ જાય છે.

દૂધમાં ખટાશનું મિશ્રણ થતાં જેમ એ ફાટી જાય છે. અને ફોદા થયેલા દૂધનો ઉપયોગ માનવી દૂધ તરીકે કરતો નથી. તેમ આત્મા અસ્થિરતા રૂપી ખટાશને કારણે લોભ, ક્ષોભ, ચંચળતાને વશ થઈ નિર્મળ જ્ઞાનનો (સ્થિરતાથી) સ્વાધ્યાય, ધ્યાન, ચિંતન વગેરેમાં ઉપયોગ કરી શકતો નથી. ક્રિયા કરે કે ધ્યાન ધરે તો તેમાં પણ મન લાગતું નથી.

દીર્ઘકાળ સુધી જ્ઞાનની રમણતામાં જ આનંદ માણનાર પરમોચ્ચ કોટિના જ્ઞાની પુરુષ પણ, જો અસ્થિરતાના વમળમાં ફસાઈ જશે, તો પૌષ્ટિક ઉત્તમ દ્રવ્ય જેવું દૂધ પણ અલ્પ માત્ર ખટાશથી જેમ ફાટી જાય છે તેમ એ જ્ઞાનીની આત્મરમણતા તો દૂર થશે, પણ સાથોસાથ વર્ષોની સાધના બાદ મેળવેલું જ્ઞાન અને કદાચ દુર્લભ મનુષ્ય જન્મ પણ એ ગુમાવી બેસશે.

આમ આત્માને જે ઉત્તમ ફળ જ્ઞાન દ્વારા પ્રાપ્ત થવું જોઈએ, તે અસ્થિરતા અને પરવસ્તુના મોહ રૂપી ખાટા પદાર્થને કારણે પ્રાપ્ત થતું નથી. મનસ્વી મન એ પરવસ્તુની પ્રાપ્તિ માટે એવા એવા ને એટલા સંકલ્પ–વિકલ્પ કરે છે, કે જેના કારણે ઉપાધિ રહિત, કેવળ સુખ અર્પનાર, અમૃતતુલ્ય નિર્મળજ્ઞાન ઉપર પણ આવરણ આવી જાય છે.

ડૉક્ટર તાવમાં સપડાયેલા દર્દીને નાડી જોઇ જેમ પથ્ય અને ઔષધ આપે છે, તેમ ઉપકારી મહાપુરુષો અસ્થિરતાને કારણે ઉદ્ભવતી જ્ઞાન વિકૃતિ અને તેથી આત્માને વેઠવી પડતી અનેકાનેક વિટંબણાઓ જોઈ કરુણાર્દ્ર સ્વરે કહે છે–'હે આત્મન! તું તારા સ્વ-સ્વભાવમાં જ સ્થિર થા.'

॥ ३ ॥

अस्थिरे हृदये चित्रा वाङ्नेत्राकारगोपना।
पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥

અર્થ

જેમ કુટિલ મનવાળી-અસતી સ્ત્રીના વર્તન, વાણી અને દ્રષ્ટિમાં કૃત્રિમ એકતા લાવી સતનું દર્શન કરાવવાના પ્રયત્નો નિરર્થક જાય છે-તેમજ સત્ત્વશાલી પુરુષોને તે સતીત્વની ઝાંખી પણ કરાવી શકતી નથી, તેમ અસ્થિર ચિત્તે કરેલા ઉચ્ચ કોટિના તપ-જપ કે ધાર્મિક અનુષ્ઠાનો પણ ઇચ્છિત ફળને આપી શકતા નથી અર્થાત્ કલ્યાણકારી બની શકતા નથી.

## વિવેચન

'મન જીત્યું તેણે સઘળું જીત્યું' આ જ વાતની પ્રતીતિ આ શ્લોકમાં કરાવવામાં આવી છે. મોક્ષની પ્રાપ્તિ માનવભવ સિવાય ક્યાંય શક્ય નથી. પરંતુ સ્વચ્છ અરીસામાં 'જેવી વસ્તુ તેવું જ એનું પ્રતિબિંબ' એ ન્યાયે ધર્મ આરાધના કરતી વખતે પણ મનુષ્યના (મનના) જેવા પરિણામ તેવો તેના કાર્યમાં પડઘો પડે છે, તેવો જ તેનો કર્મબંધ થાય છે.

મન ચંચળ બનવાનું મુખ્ય કારણ ધર્મક્રિયા કે કાર્ય પ્રત્યેનો અણગમો યા અરુચિ પણ હોઈ શકે છે. કોઈ દેખાદેખીથી અથવા પરંપરાથી પણ આ બધું કરતો હોય, તેવું અનુભવાય છે. વાસ્તવિક રીતે ધર્મક્રિયા હંમેશાં ઉત્તમ ફળ આપનારી છે. એ વાત જ્યાં સુધી જીવનમાં પરિણમતી નથી, ત્યાંસુધી સંશયોથી ભરેલી અસ્થિરતા તેનો છેડો છોડતી નથી.

જેવી રીતે આત્મસાધના કરવા માટે શાંત વાતાવરણ ને પ્રફુલ્લિત મન જરૂરી છે, તેવી રીતે ઉત્તમ ક્રિયા કરતાં માનવીનું મન સંસારની તીવ્ર વાસનાથી અલિપ્ત પણ હોવું જોઈએ. આત્મા જો પુદ્ગલનો કે નશ્વર વસ્તુઓના આકર્ષણનો ભોગ બનેલો હોય અને વ્યવહારથી કપટયુક્ત દાંભિક ક્રિયા કે ધર્મકરણી કરતો હોય તો તેની પ્રવૃત્તિ મૂળમાંથી જ અસ્થિર હોઈ લાભદાયી નીવડતી નથી, કલ્યાણકારી થઈ શકતી નથી.

બાળમંદિરના વિદ્યાર્થીને જેમ ઘર છોડવું આકરું લાગે છે ને શિક્ષણ લેતાં તે ચંચળ ને અસ્થિર હોય છે. છતાં કાળાંતરે એ જ બાળક સ્થિરતા-પૂર્વક અભ્યાસ કરે છે. તેમ પ્રાથમિક આત્માર્થી જીવને ધર્મક્રિયામાં શરૂઆતમાં એકાગ્રતા ન આવે, ક્રિયા પણ શુદ્ધ ન બને, એ સ્વાભાવિક છે; પરંતુ સમય જતાં, યથાર્થ રીતે ધર્મનું, તથા ક્રિયાનું સ્વરૂપ સમજતાં ને નિયમિત રીતે ધર્મક્રિયા કરતાં એ જરૂર ધર્મમાં તદાકાર બની શકે છે.

ધર્મક્રિયા સર્વ પ્રથમ સ્વને સુધારે છે. સ્વમાં એકાગ્ર–સ્થિર બનાવે છે ને પરવસ્તુઓથી અલિપ્ત કરે છે. પરંતુ એ સ્થિર ચિત્તે કરવામાં આવે તો જ. માટે અહીં અસ્થિર મનવાળાને કુલટા સ્ત્રીની સાથે સરખાવ્યા છે.

પરપુરુષમાં આસક્ત થયેલ સ્ત્રીને કુલટા કહેવામાં આવે છે. એ સતીપણાના અનુપમ સુખથી એ વંચિત રહે છે, અને જન્માંતરે પણ દુર્ગતિના મહાદુઃખોને પામે છે. તેમ સ્વગુણમાં–સ્વસ્વભાવમાં સ્થિર ન થનાર પોતાની અંદરની આત્મરમણતાને છોડી ક્ષણિક સુખાકર્ષણોને લીધે, પરવસ્તુઓમાં ભટકનાર અસ્થિર (મનવાળો) આત્મા સાચું હિત સાધી શકતો નથી.

અવંચક ક્રિયા (અંતરની સરળતા–નિર્મળતાથી–નિષ્કપટ ભાવે કરવામાં આવેલી ધર્મક્રિયા) થીજ અવંચક ફળ (મોક્ષફળ) મળે છે. કારણ અનુસાર જ કાર્ય થાય છે. એટલે જો મન, વચન અને કાયાની એકતા જળવાય, તો જ અવંચક ક્રિયા શક્ય બને. એ એકતા લાવવા માટે અસ્થિર મનને કાબૂમાં લાવવું અનિવાર્ય બની જાય છે. ચિત્તની ચપળતા નિવારવા શ્રી વીતરાગપ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરી, ‘आणाए धम्मो’ એ ઉક્તિ અનુસાર શુદ્ધ શ્રદ્ધા અને નિશ્ચલતાપૂર્વક વર્તવું જરૂરી છે. સ્વચ્છંદપણે ચાલવાથી કે મનને કાબૂમાં લીધા વિના કાયા કે વચનની શુદ્ધિ–(નિર્દોષતા) સંભવી શકતી જ નથી. માટે જ તપ–જપ અને સંયમ જે અવિનાશી અક્ષય સુખને આપવા સમર્થ છે, તે ઇચ્છાનિરોધ વગરના થતાં હોવાથી તે મોક્ષ સુખ આપી શકતા નથી. માટે જ વિચારવંત સુજ્ઞ યોગી પુરુષે અસ્થિરતાને ત્યજી સ્વ(આત્મ) સ્વભાવમાં સ્થિર થવું જોઇએ.

॥ ४ ॥

# अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।
# क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः

## અર્થ

**જ્યાં સુધી અંતરમાં ઊંડે ઊંડે, પરવસ્તુના આકર્ષણનું અસ્થિરતા રૂપી મહાશલ્ય રહેલું છે, ત્યાં સુધી ગમે તેવું ધર્મક્રિયા રૂપ મહા ઔષધ ગુણકારી (આત્મોન્નતિ-કારક) ન બને તેમાં એ (ધર્મક્રિયા રૂપ) ઔષધનો શો દોષ? માટેજ અસ્થિરતા રૂપી મહાશલ્ય સર્વ પ્રથમ દૂર કરવું જોઈએ.**

## વિવેચન

સામાન્યતઃ અનંત કાળથી સંસારમાં રખડી રહેલ આત્મા સાંસારિક, પૌદ્‌ગલિક, ભૌતિક, વૈષયિક એવા ક્ષણિક સુખોમાં જ લુબ્ધ બનેલો રહે છે. સાચે જ એ એક પ્રકારનું મોહનીયકર્મનું મેસ્મેરિઝમ જ છે.

કાળક્રમે સંત પુરુષની શીતળ છાંય મળતાં, સંસારથી સંતપ્ત બનેલ આત્મા, સારી ધર્મબુદ્ધિ મેળવી, પરમ ત્યાગી વીતરાગી દેવની ઓળખ કરી, સુંદર ધર્મારાધના આત્મિક (શક્તિઓ) સદ્‌ગુણોના આવિષ્કાર માટે શરૂ કરે છે. છતાંય જરાક નિમિત્ત મળતાં યા સંત-સમાગમ જતાં મન પરવસ્તુઓમાં–સંસારના ક્ષણિક સુખો તરફ આવેગથી ઘસડાઈ જાય છે. (શા માટે?)

કોઈ પણ ક્રિયા કરો પછી ભલે તે આધ્યાત્મિક હોય અથવા સાંસારિક વ્યવહારની હોય, પણ જો તે વખતે માનવીનું મન કયાંક રખડતું હોય, આંખો કયાંક ફરતી હોય, અને હાથ કયાંક કામ કરતા હોય, તો એ રીતે એ કદી સફળતા મેળવી શકતો નથી–આગળ વધી શકતો નથી. ઘાંચીના બળદની જેમ ત્યાં ને ત્યાં જ ફર્યા કરે છે.

ઉચ્ચ કોટિની ધર્મ ક્રિયાઓ કરવા છતાંય માનવ પ્રગતિના સોપાન ચઢતો દેખાવાને બદલે (ઘાંચીના બળદની જેમ) જ્યાંનો ત્યાં જ ઊભો રહેલ દેખાય છે. (શા કારણે ?)

ધર્મ કરનાર માનવના આ હાલ જોઈ, ધર્મ તરફ અભાવવાળા ધર્મરુચિ વિહોણા–માત્ર સંસાર સુખના અર્થીજનો "ધર્મનું કાંઈજ મૂલ્યાંકન નથી" એમ સહેજે અજ્ઞાનતાથી માની બેસે છે. ધર્મને નિંદે છે, અને 'ધર્મીજનો કરતાં અમે અધર્મીઓ ઘણા સારા છીએ' એમ બેધડક બોલે છે. (એનું કારણ ?)

આપણે જાણીએ છીએ કે પેટમાં ચૂંક આવે છે, તે કોઈ પણ ઉપાયે દૂર થવી જ જોઈએ. એપેન્ડીસાઈટ હોય તો તાત્કાલિક ઑપરેશન થવું જ જોઈએ. જો એમ કરવામાં ન આવે, તો ગમે તેવા કિંમતી કે દુર્લભ ઔષધ પણ ગુણકારી કે લાભદાયી નીવડી શકતા નથી. એ શલ્ય ક્યારેક માનવીને પ્રાણાંત કષ્ટમાં પણ મૂકી દે છે. આમ શરીરમાં રહેલ કોઈ પણ પ્રકારનો સડો નાબૂદ કર્યા વિના શરીર નિરોગી બની શકતું નથી.

વિશાળ કાયામાં ખૂંપેલ નહિવત્ જેવી ફાંસ, કાચ કે કાંટો પણ જો આપણને બેચેન બનાવી દે છે, અર્થાત્ દ્રવ્યશલ્ય આટલા અનર્થને ઉત્પન્ન કરી શકે છે, તો આત્મામાં રહેલ અસ્થિરતારૂપી ભાવશલ્યની વાત જ શી કરવી ?

એટલા જ માટે મહા ઔષધિ રૂપ કરાતી ગુણકારી ધર્મક્રિયાઓ છાર પર લીંપણ જેવી ન બની રહે, આપણે ઘાંચીના બળદની જેમ જયાંના ત્યાં જ ન રહીએ અને અજ્ઞાની કે અધર્મીઓના હાંસીપાત્ર ન બનીએ, તે માટે સુજ્ઞ જને અસ્થિરતારૂપી મહાશલ્યને પ્રથમ દૂર કરવું અત્યંત આવશ્યક છે.

॥ ५ ॥

स्थिरता वाङ्मनःकायैर्येषामङ्गाङ्गितां गता।
योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ॥

અર્થ

**જે યોગી પુરુષોનાં મન, વચન અને કાયામાં સ્થિરતા વ્યાપી ગઈ હોય છે, તેમજ વિચાર વાણી ને વર્તનમાં એકરૂપતા પ્રવર્તે છે, તેઓ ગામમાં કે જંગલમાં, દિવસે અથવા રાત્રિએ, સર્વ સમયે ને સર્વત્ર સમતાભાવ રૂપ સ્વભાવમાં રમતા હોય છે.**

વિવેચન

અંતરની પવિત્રતા મન, વચન અને કાયાના શુભ વ્યાપાર ઉપર નિર્ભર છે. જ્યાં સુધી એ ત્રિવેણીનો સ્થિરતામાં સંગમ અથવા સમાવેશ થતો નથી, અથવા ક્રિયા કરતી વખતે ચંચળતા છોડી એ ત્રણેય જ્યાં સુધી સંપથી કામ કરતા નથી, ત્યાં સુધી આત્માને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. પવિત્રતાની સાધનામાં જો એકની પણ ઊણપ હોય તો સિદ્ધિ પરિપૂર્ણ થતી નથી.

વ્યવહારમાં સમૃદ્ધિના સોપાન રૂપ ગણાતા હીરાજડિત મહાલયોમાં, સુંદરીઓની સાંનિધ્યતામાં કે ઉચ્ચ સત્તાના સિંહાસને બિરાજવા છતાંય અંતર શાંતતા અનુભવતું નથી, કે શાંતિ પ્રાપ્ત કરતું નથી. એ અદ્ભુત કોટિનું સમતારસનું પાન પ્રશાન્તાવસ્થામાં ઝીલતા એવા યોગી પુરુષોની છાયામાં મળે છે. તેઓના મન–વચન–કાયાની સ્થિરતા અગાધ મહાસાગર જેવી ગંભીર છે, એ જ એનું મુખ્ય કારણ છે.

યોગી પુરુષોના જીવનની મધુરતાનું મૂળ મન–વચન ને કાયાની એકતા અથવા સદુપયોગિતા ઉપર હોય છે. 'मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः' એમ જાણનાર અને 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એમ અંતરથી માનનાર યોગી પુરુષો મનને તપ–જપ ને જ્ઞાન–ધ્યાન દ્વારા એવું કેળવી લે છે કે, ગમે તેવા સમ કે વિષમ વાતાવરણમાં એ મન જરા જેટલુંય અસ્થિર કે પ્રક્ષુબ્ધ બનતું નથી.

આ રીતે તેઓનું વચન પણ પ્રિય, પથ્ય, તથ્ય અને અર્થવાળું જ હોય છે. એટલે શક્ય હોય ત્યાં સુધી તો મૌનીન્દ્ર માર્ગને જ તેઓ

અનુસરતા હોય છે. માયાના વંટોળથી કે કુવિચારોના ચક્રાવા દ્વારા ચકડોળે ચડી આર્તધ્યાનના સીમાડા સુધી જવા એ લેશ માત્ર પણ તૈયાર હોતા નથી.

યોગીપુરુષોની પવિત્ર કાયાની માયા પણ નિરાળી ! કોઈ ટાપટીપ કે આડંબર નહીં, કાયાના જતનનો મોહ નહીં કે પાણીનું પ્રક્ષાલન નહીં. એક ભાડૂતી મકાનની જેમ ગણી, કેવળ કલ્યાણની કામના માટે ને કર્મક્ષયની સાધનાના સહાયક સાથી તરીકે જ તેનો ઉપયોગ. અર્થાત્ એમની કાયા પણ એમના પૂર્ણ કાબૂમાં !

પરંતુ હાલના ચંદ્રયાનના ઝડપી યુગમાં આપણું જીવન જ્યારે એકદમ દોડતું બની ગયું છે, ત્યારે જીવનના કોઈ ખૂણામાં કે કોઈ ક્ષણમાં પણ શાંતિ યા સ્થિરતાના દર્શન નથી. આદર્શભૂત કોઈ સદ્‌વિચાર કે સદ્-આચાર નથી. કેવળ આંખ મીંચીને ધ્યેય શૂન્ય દોટ જ મૂકી છે. ધ્યેય પણ નિશ્ચિત નથી. પછી મન–વચન ને કાયા, એ ત્રણેયની તો શું પણ એકની ય સ્થિરતા ક્યાંથી મળે ?

વાણી અને વર્તન મુખ્યત્વે વિચાર ઉપર જ અવલંબે છે. અર્થાત્ સદ્‌વિચાર એ મુક્તિમાર્ગની આધારશિલા છે. 'જેવું બીજ તેવું વૃક્ષ' છતાંય વિચારની શુદ્ધતા–સ્વચ્છતા જાળવવા આપણે કદી પ્રયાસ કર્યો નથી ને કરતા નથી. ગમે તેવું જોવું, ગમે તેવું વાંચવું કે ગમે તેવાની સોબતમાં ફરવું, એ શાની નિશાની છે ? જ્યારે યોગીપુરુષો તો અનુકૂળ કે પ્રતિકૂળ વાતાવરણમાં, યશોગાનના કે નિંદાના અવસરમાં, હજારોની વચ્ચે શહેરમાં કે એકલા અટૂલા જંગલમાં વિહરતાં, દિવસે કે રાત્રિએ, સમતા–રસમાં જ ઝીલતા હોય છે. તેમને શત્ર કે મિત્ર જેવું, શોક કે હર્ષ જેવું, માન કે અપમાન જેવું કશું જ હોતું નથી.

આ રીતે સાચા સુખના અર્થી માનવીઓનો મન–વચન--કાયાનો ઉપયોગ ક્ષણિક સુખજન્ય ઇન્દ્રિયોની વાસનાઓને સંતોષવાના નિરર્થક પ્રયત્નોની પાછળ સમય બરબાદ થાય છે, તેને બદલે, યોગીપુરુષોની જેમ ઇન્દ્રિયજયમાં જ નિરંતર પુરૂષાર્થ કરવો જોઈએ. આ રીતે મહાયોગી આગળ અને સાધક પાછળ ચાલતા રહે, ને સમત્વના આદર્શના અનુગામી બને, એ જ આ કથનનું હાર્દ છે.

॥ ६ ॥

**स्थैर्यरत्नप्रदीपश्चेद् दीप्रः संकल्पदीपजैः ।**
**तद्विकल्पैरलं धूमैरलं धूमैस्तथास्रवैः ॥**

**અર્થ**

**સદા દેદીપ્યમાન સ્વતેજથી ઝળહળતો એવો સ્થિરતારૂપ સ્વયંપ્રકાશી રત્નદીપક જો તારી પાસે છે, તો પછી જેમાં વિકલ્પો રૂપી ધુમાડો છે, એવા સંકલ્પરૂપી દીવાની શી જરૂરત છે? અર્થાત્ અત્યંત મલિન એવા પ્રાણાતિપાદાદિક કર્મબંધનના હેતુઓની જરા પણ જરૂર નથી.**

## વિવેચન

અનંતાકાળનો (અજ્ઞાનરૂપી) અંધકારમય સમય વિતાવ્યા પછી, આત્મા સ્વપુરુષાર્થથી મનુષ્ય જન્મમાં કંઈક કરવા શક્તિમાન બને છે. ત્યારે વિવિધ જાતના સંકલ્પો પેદા થાય છે. તેની સાથે વિકલ્પોની હારમાળા ઉદ્ભવતી હોવાથી, વિના કારણે આર્તધ્યાન–રૌદ્રધ્યાનનાં વમળમાં આત્મા અટવાઈ જાય છે. જ્યારે સ્થિરતા સ્વાભાવિક અને સ્વપ્રકાશથી ઝળહળતા રત્નદીપ સમાન હોવાથી (તેનો પ્રકાશ) માનવને મુક્તિ દ્વારે પહોંચાડે છે.

આજે મોટા ભાગના માનવો સંકલ્પોવાળા નિસ્તેજ દીવડાના સહારે ડગ ભરવા તૈયાર તો થાય છે, પરંતુ જ્યારે તેમાંથી વિકલ્પો રૂપી ધૂમ્રના ગોટેગોટા ઊડે છે, ત્યારે તે પંથ ચૂકી જાય છે. સુખપ્રાપ્તિની આશાએ સંકલ્પોની બૅટરીનો સહારો લીધો. પણ કામચલાઉ ક્ષણિક–પ્રકાશી દીવડામાં પાંચે ઈન્દ્રિયોના વિષયોરૂપી વિકારો–વિકલ્પો ભળતાં, એ ધૂમ્રશેરીમાં અટવાઈ જાય છે. મૂળ ધ્યેયથી વિચલિત થઈ જાય છે. તેથી જ કહેવાય છે કે, 'ધુમાડાના બાચકાં ભરતાં, હાથ ન આવ્યો હીરો' એમ વિકલ્પોના ધુમાડામાં જીવ ગૂંગળાઈ જાય એ સ્વાભાવિક છે.

સંતપુરુષો–યોગીપુરુષો તો સર્વપ્રથમ અંતરમાં સ્થિરતા રૂપી દીપક પ્રગટાવે છે. જે સ્વાભાવિક છે ને (ધૂમ્ર) કાલિમા વિનાનો છે. આ રીતે સ્વઘરને નિર્લેપ રાખે, એવા પ્રકાશને સહારે એ મુક્તિ ભણી

અસ્ખલિત દોડયે જાય છે. એટલે કે જ્ઞાનાદિક આત્મિક ગુણોની જ રમણુતામાં રહે છે, ત્યાં ઈર્ષા–અદેખાઈ–દંભના દર્દને સ્થાન જ નથી. જ્યાં જ્ઞાન રમણુતા છે, ત્યાં ચારિત્ર્યની નિર્મળતા સ્વયં આવે છે. જેમનામાં ચારિત્રની નિર્મળતા છે, તેમનામાં જન્મમરણ, સંયોગ–વિયોગ કે આધિ વ્યાધિ ને ઉપાધિથી રહિત એવું અનંત, અવ્યાબાધ ને શાશ્વત મોક્ષસુખ મેળવવાનું સામર્થ્ય પણ પેદા થાય છે. અને એ બધો સ્થિરતા–દીપકના પ્રકાશનો જ પ્રતાપ છે.

આ રીતે જે મહાપુરુષોના અંતરમાં સ્થિરતા રૂપી દીપક પ્રગટે છે, તેઓ સ્વાભાવિક રીતે જ એવી અનુપમ કોટિની શાંતિનો–શીતળતાનો અનુભવ કરે છે. ક્ષણિક સુખ અર્પતા સંકલ્પ–વિકલ્પો રૂપી ધૂમ્રસેરો ત્યાં ઉત્પન્ન થઈ શકતી જ નથી. પાપ આશ્રવોનું કોઈ જોર કે પરવસ્તુઓનું આકર્ષણ તેમને અસર કરી શકતું નથી. અર્થાત્ એ બધું વ્યર્થ બને છે.

જ્યાં અસ્થિરતા છે, ત્યાં જ અનેક જાતિના સંકલ્પ–વિકલ્પને સ્થાન છે. (પછી એ પ્રતિષ્ઠા માટેના હોય, નામના, કીર્તિ કે યશ માટેના હોય, ધનપ્રાપ્તિ કે સત્તાશોખ પૂરા કરવા માટેના હોય, અથવા પર પુદ્ગલના આકર્ષણમાંથી જન્મેલા હોય) પરંતુ એ બધાય ચિત્તને ક્ષણિક ચમકારો આપનારા, પ્રાન્તે દુઃખદાયી ને ભવભ્રમણ વધારનારા પુરવાર થાય છે. માટે જ જ્ઞાની પુરુષો સાંસારિક સુખોને દૂરથી જ પરિહરે છે, સ્વમાં સ્થિર થાય છે ને અપૂર્વ કોટિની શાંતિને અનુભવે છે. એજ કારણથી એ ખોટા સંકલ્પરૂપ ક્ષણિક દીપકને પ્રગટાવવાનો ઉદ્યમ કે પરિશ્રમ તેઓ કદી કરતા નથી.

અંતરની સાચી ઋદ્ધિ–સિદ્ધિ સહજ સ્થિરતારૂપ દીપમાં જ છે, નહીં કે વિકલ્પોરૂપી ધુમાડાથી મલિન એવા ક્ષણિક ને ઝાંખા દીપમાં. રાજા મહારાજાઓનેય અપ્રાપ્ય એવા અનુપમ કોટિના ભૌતિક સુખ પ્રાપ્ત કરનાર અને પાંચે ઇન્દ્રિયોના વિષયના સુખોને ભોગવનાર પુણ્યશાળી શાલિભદ્રજીએ પણ જ્યારે સ્થિરતારૂપી દીપકનો ઝળહળાટ જોયો ને સંકલ્પ વિકલ્પોથી ભરેલા ભૌતિક સુખોની ક્ષણભંગુરતા નિહાળી, ત્યારે એ નિર્મળ ચારિત્રમાં જ સ્થિર થવા, સંસાર છોડી ચાલી નિકળ્યા.

અર્થાત્ સ્થિરતાની પ્રાપ્તિ સંસારમાં નહીં, સંન્યાસ–સંયમમાં જ છે.

॥७॥

# उदीरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि । समाधेर्धर्ममेघस्य घटां विघटयिष्यसि ॥

### અર્થ

**હે ચેતન! અંતઃકરણથી (સ્થિરતાને અલગ કરી) ચંચળતા–અસ્થિરતા રૂપી પવનને (ઉદીરણાથી) ઉત્પન્ન કરીશ, તો ધર્મમેઘરૂપી સમાધિની ઘનઘટાને (જેના દ્વારા ઉત્પન્ન થનારા કેવળજ્ઞાનને) તું (તારા હાથે) વિખેરી નાખીશ.**

### વિવેચન

આત્મા ઘણાં કષ્ટે એક દિવસ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. ક્યારેક ખરાબ નિમિત્ત મળવાથી એ ચાલ્યું પણ જાય છે ને પુણ્યયોગે એ વળી અમૂલ્ય રત્નને પુનઃ પ્રાપ્ત કરી, શાશ્વત સુખનો ભોગી પણ બને છે. અર્થાત્ આત્માની મુક્તિ સમ્યક્ત્વમાં સમાયેલી છે. મુક્તિ આલયનું દ્વાર સમકિત છે.

અહીં સમાધિ ને અસમાધિની ગ્રંથકાર એવી જ ચર્ચા કરતાં સમજાવે છે કે, હે આત્મન્! આજ સુધી તેં અંતઃકરણમાં સ્થિરતાને સ્થાપન કરવા ભલે ભગીરથ પુરુષાર્થ કર્યો, મન–વચન ને કાયાની ચંચળ વૃત્તિઓ ઉપર બાહ્ય રીતે કાબૂ પણ ભલે મેળવ્યો, ને મહાકષ્ટે સ્થિરતાને કંઈક હસ્તગત કરી. પરંતુ એક બાજુ તું સ્થિરતાને આમંત્રણ આપે છે અને બીજી બાજુ તારી પ્રવૃત્તિઓ અવળી રમત રમી રહી છે, જેથી અંતરમાં બળજબરીથી ચંચળતા, અસ્થિરતા રૂપી તોફાની પવનને ઉત્પન્ન કરવા રૂપ થઈ રહી છે. આમ તું તારા હાથે જ દિવ્ય પ્રકાશ રૂપી આત્મસિદ્ધિને આવતી અટકાવવા જેવું અઘટિત કાર્ય શા માટે કરે છે? એમ કરવું તારા માટે હિતાવહ નથી જ. સમાધિને ધોકો પહોંચે તેવું કાર્ય તારા હાથે ન જ થવું જોઈએ.

પાતંજલ યોગશાસ્ત્રમાં જેને 'અસંપ્રજ્ઞાત' (ક્લિષ્ટ અને અક્લિષ્ટ વૃત્તિઓનો રોધ કરનાર) સમાધિ કહી છે, તે જ ધર્મમેઘ

સમાધિ છે. જેની ઘનઘટાને અસ્થિરતાના વાયુથી વિખેરી નાખવી એટલે જ આવતા કેવળજ્ઞાનને રોકવું. આમ કરવાથી તો તારી પરિસ્થિતિ હાથમાં આવેલા કિંમતી રત્નને ફેંકી દેનાર મૂર્ખ દરિદ્રી જેવી થશે.

આત્માનું મૂળ સ્વરૂપ જુદું છે. (તે સ્વયં સંપૂર્ણ છે) પણ તે કર્મથી અવરાયેલો હોવાથી અશુદ્ધિને પામેલ છે. એ અશુદ્ધિ (કર્મ-લેપ)ને સ્થિરતા રૂપી ધર્મમેઘ સમાધિથી દૂર કરી શકાય તેમ છે. પરંતુ આત્માની સાંસારિક પ્રવૃત્તિઓ અને પાંચે ઇન્દ્રિયોની વાસનાના પ્રલોભનો અસ્થિરતા રૂપી પવનને ઉત્પન્ન કરી આંતરિક ધાર્મિક સમૃદ્ધિની સમાધિને વિખેરી નાંખે છે, નજીકમાં આવતા કેવળજ્ઞાનને અટકાવે છે. આ રીતે એ મૂર્ખ માનવીની જેમ અગ્નિમાં હાથ નાખી શાંતિ મેળવવાની આશા રાખવા જેવું (હકીકતમાં હાથને બાળવા જેવું) હાસ્યાસ્પદ–અનુચિત કાર્ય કરે છે.

અહીં આવ્યા પછી આત્માએ મૈત્રી–પ્રમોદ આદિ ચાર ભાવના કે અનિત્ય આદિ બાર ભાવના ભાવી સંસારમાં જળકમળવત્ નિર્મળ રહેવાનો પુરુષાર્થ કરવો જોઈએ. ગમે તેવા ઘાતીકર્મ જનિત વાવાઝોડા આવે કે પવનના ઝપાટા આવે, તો પણ ધર્મપથથી વિચલિત ન થતાં, આત્મગુણમાં સ્થિર થવું જોઈએ. કારણ સ્થિરતા એ જ સંસારી આત્માનો સંસારથી પર થવાનો 'વિજયધ્વજ' છે. જ્યાં પવિત્રતા ને સ્થિરતા એ સમાન ધોરણે રહેનારાં તત્ત્વો બની જાય છે.

॥ ८ ॥

# चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते ।
# यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥

### અર્થ

**હે યોગીઓ! પરિપૂર્ણ સિદ્ધિને માટે સ્થિરતાને પ્રાપ્ત કરવા અવશ્ય યત્ન કરો. કારણ કે સિદ્ધઅવસ્થામાં સિદ્ધના જીવોનું સ્થિરતાયુક્ત (વાળું) ચારિત્ર મનાય છે, અર્થાત્ સ્થિરતા એ જ ચારિત્ર છે.**

### વિવેચન

સ્થિરતાનું જ બીજું નામ ચારિત્ર છે. ચારિત્ર દ્વારા જેમ આત્મા મોક્ષ સુધી જઈ શકે છે, તેમ (ચારિત્રમાં) જો ભાવશુદ્ધિ રૂપ સ્થિરતા ન હોય, તો કવચિત્ દુર્ધ્યાનને પ્રતાપે કોઈ જીવ નરકગતિ પણ પામે, તો તેમાં નવાઈ નહીં.

જેમ મોદક માટે ઘી અને સાકર અનિવાર્ય છે, તેમ મોક્ષપ્રાપ્તિ માટે સ્થિરતા અને ચારિત્ર (સુસંયમ) આવશ્યક છે. એક વખત દ્રવ્ય-ચારિત્ર લીધા પછી જો આત્મામાં સ્થિરતા કેળવાય, તો એ સહેજે ભાવચારિત્રનું દ્યોતક બને છે; અને જ્યારે આત્મા ભાવચારિત્રમાં સ્થિર થાય છે, ત્યારે અલ્પકાળમાં સ્વસ્થાન રૂપ મુક્તિમાં પહોંચે છે. મોક્ષમાં સ્થિરવાસ એટલે જ સ્વાનંદાનુભવ અથવા સિદ્ધ અવસ્થા.

સિદ્ધગતિમાં નથી જન્મ, જરા, મૃત્યુ કે આધિ વ્યાધિ ને ઉપાધિ. અર્થાત્ આત્માનો ત્યાં શાશ્વતો વાસ છે. સ્વ સ્વરૂપમાં ત્યાં લયલીન થવાનું છે, સ્વ સ્વભાવ રૂપ અનંત જ્ઞાન--દર્શન--ચારિત્રમાં રમણતા મેળવવાની છે, અર્થાત્ પરમોચ્ચ કક્ષાની જ્યાં સ્થિરતા છે. ત્યાં આત્મા અવ્યાબાધ, અક્ષય ને અનંત સુખ તથા અવર્ણનીય આનંદ અનુભવે છે.

સંસારનો ત્યાગ મહાયોગીઓ માટે સિદ્ધિગતિની પ્રાપ્તિમાં પરિણમે છે. એમાં પ્રાણરૂપ કારણ સંયમમાંની આ સ્થિરતા જ છે. જ્યાં સુધી આત્મામાં (સ્થિરતાનો) સ્થિરવાસ નથી, ત્યાંસુધી એ પોતાને

ઘેર જઈ શકતો નથી. ટૂંકમાં અસ્થિરતા એ જ સંસાર છે અને સ્થિરતા એ જ મોક્ષ છે. સિદ્ધિની શત્રુ અસ્થિરતા છે, જ્યારે સ્થિરતા સ્વભાવની મિત્ર છે. આમ ચારિત્ર અને મોક્ષ--એ બેની વચ્ચેનો પૂલ સ્થિરતા છે.

અંધ કે અજાણ માનવી બીજા સાથે અથડાઈ ન જવાય તે માટે, અંધારામાં પ્રકાશ (બેટરી) અને ચોવીશે કલાક લાકડી સાથે રાખે છે. તેમ મોક્ષાભિલાષી આત્માએ સંસારમાં રખડી ન જવાય તે માટે, ચારિત્ર અને સ્થિરતા ધારણ કરવી અનિવાર્ય છે. દૂધમાં સાકર ભળતાં દૂધ જેમ વધુ મધુર બને છે, તેમ દ્રવ્યચારિત્રના વર્તુલમાંથી બહાર નીકળી, ભાવચારિત્રની સહચારિણી સ્થિરતા મળતાં આત્મામાં અધ્યાત્માનંદની મીઠાશ લાવી આપે છે. શેરડી પોતે જ મીઠી હોવાથી, ગોળ સ્વભાવે જ ગળ્યો હોવાથી, તેમાં ગળપણ મેળવવાની જરૂર રહેતી નથી. તેમ આત્મા જ્યારે સિદ્ધિપદને પામે છે ત્યારે તે અશરીરી હોવાથી તેના સર્વ આત્મપ્રદેશમાં નિર્વિકલ્પક ઉપયોગપૂર્વક ભાવચારિત્ર (યથાખ્યાત) સહજ રૂપે પ્રગટ થાય છે. ત્યાં બાહ્યક્રિયા રૂપ દ્રવ્યચારિત્રની જરૂરિયાત ઉદ્ભવતી નથી. તેઓ ભાવચારિત્રમય પૂર્ણ સ્થિરતાની અકૃત નિરુપાધિની અવસ્થામાં જ સ્થિર થયા હોય છે.

નિજગુણમાં સહજ સ્વાભાવિક સ્થિરતા યા શુદ્ધ જ્ઞાન--દર્શનાદિ ગુણોમાં રમણતા તેનું જ નામ ક્ષાયિક ચારિત્ર--આત્માના શુદ્ધ સ્વભાવમાં યા શુદ્ધ જ્ઞાનાદિ અનંત ગુણોમાં નિરંતર સ્થિરતા વિના શુદ્ધ અખંડ--અનંત ક્ષાયિક ચારિત્ર કદાપિ સંભવતું નથી. તેવી જ રીતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ કર્મો ક્ષીણ થયા વિના, આત્મામાં ચિદાનંદ ઘન-સ્વરૂપ સ્થિર સ્વભાવનો પ્રાદુર્ભાવ સંભવતો નથી.

આ રીતે સ્થિરતા રૂપ ચારિત્ર પ્રાપ્ત કરનાર આત્મા શાંત, પ્રશાંત, ઉપશાંત બની નિજ ઘરમાં રમતો થઈ જાય છે. પુદ્ગલભાવનું રમણપણું મટયું, એટલે સ્વભાવ રમણતા આવી. એ જ કારણથી સિદ્ધિપદ મેળવવાની આકાંક્ષા સેવતા યોગીપુરુષો--સંતજનો મોહજાળને સર્વથા ફગાવી દઈ, સમ્યગ્જ્ઞાનની રમણતાના ઝૂલામાં ઝૂલી, સ્થિરતા રૂપ ચારિત્ર પામવા કટિબદ્ધ બને છે—પ્રચંડ પુરુષાર્થ આદરે છે.

# સારાંશ

## અસ્થિરતાનો અંત એટલે જ સ્થિરતાનો પ્રાદુર્ભાવ

આ વાત સમજાવવા માટે સ્થિરતા-ગુણને જીવનમાં તાણા-વાણાની જેમ વણી લેવા જ્ઞાની પુરુષ ઉપદેશ આપે છે.

ચંચળ મનથી કે લોભલાલચથી સ્થિરતા જોખમાય છે. એટલે જ ક્રિયારૂપી ઔષધ ચંચલ આત્માને શુદ્ધ કરી શકતું નથી. આમ આત્મા ચારિત્રધર્મનો સ્વીકાર કરે, છતાં પણ જો એ અસ્થિરતાથી દૂર થાય નહીં, તો તેનું ભવભ્રમણ અટકી શકતું નથી.

જીવન પૂર્ણતાને ત્યારે જ પામે કે જ્યારે તેનામાં મગ્નતા હોય, મગ્નતા ત્યારે જ આવે કે જ્યારે જીવનમાં સ્થિરતા પરિણમે. આ રીતે કાકવૃત્તિની ચપળતા છોડી, રત્નદીપની જેમ સ્વયંપ્રકાશિત બની, બાહ્ય પ્રવૃત્તિઓથી વિમુખ થઈ, સ્થિરતાપૂર્વક નાની પણ આત્મસાધના સુંદર રીતે કરવી જોઈએ, ને તો જ સિદ્ધ અવસ્થામાં રહેલી સ્થિરતા ધ્યાન સમયે આપણા આત્મામાં પ્રતિબિંબિત થાય.

આવી સર્વોત્તમ, અવિનાશી, ચિરસ્થાયી અવસ્થાને પ્રાપ્ત કરવા, સાચા સાધક-યતિઓએ અવશ્ય વારંવાર પ્રયત્નો કરવા જોઈએ.

### : સુવર્ણવાક્યો :

१ स्थिरता स्वसन्निधौ एव निधिं दर्शयति ॥

२ योगिनः ग्रामेऽरण्ये दिवा निशि समशीलाः ॥

३ स्थिरतारूपचारित्रस्य सिद्धये यतयोऽवश्यं यतन्ताम् ॥

# ગ્રંથ અને ગ્રંથકાર

* પરમપૂજ્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનાં વચનો એટલે ચૂંટેલાં ‘ ટંકશાળી ’ વચનો કહેવાય, અને પૂજ્યશ્રીની શાખ એટલે ‘ આગમશાખ ’ ( સાક્ષી ) અર્થાત્ શાસ્ત્રોક્ત વચન. આ વાત આજે પણ સૌ માન્ય રાખે છે.

* સામાન્ય રીતે વ્યક્તિ ‘ વિશેષ નામ ’થી વધુ ઓળખાય છે. પણ પૂજ્યશ્રી માટે થોડીક નવાઈની વાત એ હતી, કે-જૈનસંઘમાં તેઓશ્રી ‘ વિશેષ્ય ’થી નહીં પણ ‘ વિશેષણ ’થી વધુ ઓળખાતા હતા. સૌ એમ જ કહેતા–‘ ઉપાધ્યાયજી મહારાજ ’ આમ કહે છે.

* જ્ઞાની પુરુષો ભૂત-ભવિષ્ય-વર્તમાનના જ્ઞાતા હોય છે. આ વાત તેઓશ્રીના કથિત ગ્રંથોમાં ને સ્તવનો દ્વારા વર્ણવેલી કૃતિઓમાં જોવા મળે છે. ને ૨૫૦ વર્ષ પછી આજે એ કલ્પેલી વાણી પણ સાચી પડે છે.

* પૂજ્યશ્રી પોતે શ્વેતામ્બર પરંપરાના શ્રમણ હતા. છતાં તેઓશ્રીએ દિગમ્બરાચાર્યકૃત ગ્રંથ ઉપર ટીકા રચી છે. એટલું જ નહિ પણ જૈન મુનિ હોવા છતાં તેમણે અજૈનના ગ્રંથો ઉપર પણ ટીકા રચી છે. આ જ એમનો સર્વતોગ્રાહી પાંડિત્યતાનો પ્રખર પુરાવો છે.

* પૂજ્યપાદશ્રી વિવિધ વાઙ્મયના પારંગત વિદ્વાન ને જ્ઞાની છે. આ વાત જોતાં આજની દૃષ્ટિએ કહીએ, તો તેઓશ્રીને બે ચાર નહિ પણ સંખ્યાબંધ વિષયોનાં PH. D. થયેલા કહીએ તો ખોટું નથી. આજે પણ આ વાતની સાક્ષી તેઓશ્રીએ રચેલા ગ્રંથો આપી જાય છે.